

(તસવીર : કનૈયા પાનવાલા)

# કોસ્ટ ગાર્ડ માટે એ.બી.જી. શિપયાર્ડ દ્વારા નિર્મિત 'પોલ્યુશન કંટ્રોલ' જહાજ સમુદ્રમાં તરતું મુકાયું

સુરત, મંગળવાર: શહેરના મગદલ્લા બંદર સ્થિત કંપની એબીજી શીપયાર્ડ લી. દ્વારા ભારતીય કોસ્ટ ગાર્ડ માટે નિર્મિત પોલ્યુશન કંટ્રોલ વેસલ (જહાજ) 'સમુદ્ર પ્રહરી'ને આજે ભારતીય કોસ્ટ ગાર્ડના વાઈસ એડમીરલ આર.એફ. કોન્ટ્રાકટરના પત્ની શ્રીટી કોન્ટ્રાકટરના હસ્તે સમુદ્રમાં તરતું મુકવામાં આવ્યું હતું.

## ભારતીય કેસ્ટ ગાર્ડના વાઈસ એડ. કોન્ટ્રાકટરનાં પત્નીએ જહાજ તરતું મૂક્યું : છ મહિનામાં ડીલીવરી અપાશે

આ અંગે આયોજીત એક પત્રકાર પરિષદમાં કંપનીના મેનેજીંગ ડીરેક્ટર રીશી અગ્રવાલે જણાવ્યું હતું કે ૩૩૦૦ ટનના માલસામાનની હેરાફેરી કરી શકતું આ જહાજ ૯૪ મીટર લંબાઈ તેમજ ૪.૫ મીટરની પહોળાઈ ધરાવે છે. દરીયામાં ૨૦.૫ નોટીકલ માઈલની ઝડપે દોડી શકતા આ જહાજ ચેતક, એએલએચ અને સી કીંગ પ્રકારના હેલીકોપ્ટરને પણ પોતાની સાથે લઈ જઈ શકે છે.

આ જહાજ દરીયામાં ઢોળાયેલા ઓઈલને પણ પરત મેળવી શકે છે. આ પ્રથમ એવું જહાજ છે કે જે સંપુર્ણપણે એશીયા પેસેફીક રીજનમાં બનાવવામાં આવ્યું છે. આગામી છ માસમાં આ જહાજને સંપુર્ણ કરીને તેની ડીલીવરી આપી દેવામાં આવશે.